### ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે કરારને મંજૂરી આપી

# ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ ફાઈટર જેટ ખરીદશે

## આ સોદાઓની કિંમત રુપિયા ૯૦ હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ, સોદાની સાચી કિંમત કરાર બાદ સ્પષ્ટ થશે

નવી દિલ્હી, તા.૧૩

ભારતે એક મોટા સંરક્ષણ સોદામાં ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ ફાઈટર જેટ અને ૩ સ્કોર્પિન ક્લાસની સબમરીન ખરીદી કરશે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે આ કરારની મંજૂરી આપી દીધી છે. આ બાબતની માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ માટે ત્રણ વધારાની સ્કોર્પિન- ક્લાસ સબમરીન સહિત ૨૨ રાફેલ એમ અને ચાર ટુ સીટર ટ્રેનર વર્ઝન સહિત ૨૬ રાફેલ એરક્રાફ્ટ ખરીદવાની દરખાસ્તોને મંજૂરી આપી છે.

ભારતીય નૌકાદળને ચાર ટ્રેનર એરક્રાફ્ટ સાથે ૨૨ સિંગલ-બેઠક રાફેલ સી પ્લેન મળશે. નૌકાદળ આ લડાયક જેટ અને સબમરીનને તાત્કાલિક હસ્તગત કરવા માટે દબાણ કરી રહ્યું હતું કારણ કે તેઓ સમગ્ર દેશમાં સુરક્ષા પડકારોને ૫ ગલે અછતનો સામનો કરી રહ્યા હતા. ભારતીય નૌકાદળ તેના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસવિક્રમાદિત્ય અને વિક્રાંત પર તૈનાત કરવા માટે જૂના મિગ-૨૯ ને બદલવા માટે યોગ્ય એરક્રાફ્ટ શોધી રહી હતી. એરક્રાફ્ટ કેરિયર્સ આઈએનએસવિક્રમાદિત્ય અને વિક્રાંત મિગ-૨૯ ઓપરેટ કરી રહ્યા છે અને બંને કેરિયર્સ પર ઓપરેશન માટે રાફેલ જરૂરી છે. આ સાથે ત્રણ સ્કોર્પિન-ક્લાસ સબમરીન નૌકાદળ દ્વારા પ્રોજેક્ટ-૭૫ના ભાગ રૂપે ૫ ુનરાવર્તિત કલમ હેઠળ હસ્તગત કરવામાં આવશે ત્યારબાદ તે મુંબઈમાં મઝાગોન ડોકયાર્ડ્સ લિમિટેડ ખાતે બનાવવામાં આવશે. આ સોદાઓની કિંમત રુપિયા ૯૦ હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ છે જો કે આ સોદાની સાચી કિંમત કરારની વાટાઘાટો પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

### પીએમ આવાસ યોજનાના માપદંડમાં ફેરફાર કરાયો

# પીએમએવાય માટે આવકની મર્યાદા ૩થી વધારીને છ લાખ કરાઇ

## મહારાષ્ટ્ર સરકારની વિનંતી પર મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટે ૫ ીએમએવાય હેઠળ માપદંડને વધારાયો

નવી દિલ્હી, તા.૧૩

આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ) હેઠળ આવતા લોકો જેમની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા છે તેઓ પણ હવે પીએમ આવાસ યોજનાનો લાભ લઈ શકશે. કેન્દ્ર સરકારે મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) હેઠળ ભાગીદારીમાં સસ્તા આવાસ મેળવવા માંગતા આર્થિક રીતે નબળા વર્ગો માટે આવકના માપદંડને રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરી દેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકારની વિનંતી પર મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) માટે પીએમએવાય હેઠળ એએટપી વર્ટિકલ માટે ઈડબલ્યુએસ આવકના માપદંડને રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરવા માટે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પૂરીનો ધન્યવાદ.

તેમણે જણાવ્યું કે, આનાથી એમએમઆરના લાખો નાગરિકોને મદદ મળશે. થોડા મહિના અગાઉ ફડણવીસે કહ્યું હતું કે, પીએમએવાય નું શહેરી કવરેજ અસ્વીકાર્ય રીતે ઓછું છે અને તેઓ આ મુદ્દાને કેન્દ્ર સરકાર સાથે ઉઠાવશે.

૨૦૧૫ માં શરૂ કરાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના એ ભારત સરકારની એક યોજના છે જેનો ઉદ્દેશ્ય દરેક ગરીબને ઓછી કિંમતમાં ઘર ઉપલબ્ધ કરાવવાનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ (પીએમએવાય-જી)ને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. પાકાં મકાનોનો કુલ લક્ષ્યાંક પણ સુધારીને ૨.૯૫ કરોડ મકાનો કરવામાં આવ્યો છે.

પ્રધાન મંત્રી આવાસ યોજનાની પાત્રતા

- લાભાર્થીઓ પતિ, પત્ની અને અપરિણીત પુત્રીઓ/પુત્રો હોઈ શકે છે.
- લાભાર્થી પાસે પાકુ ઘર ન હોવું જોઈએ. જેનો અર્થ એ છે કે, આખા ભારતમાં તેમનું અથવા તેમના પરિવારના અન્ય સદસ્યના નામ પર ઘર ન હોવું જોઈએ.
- કોઈ પણ વયસ્કને ભલે તેના લગ્ન થયા હોય કે ના થયા હોય પરંતુ તેને પૂરી રીતે એક અલગ પરિવાર માનવામાં આવે છે.

પીએમએવાય યોજના હેઠળના લાભાર્થીઓમાં નીચેની શ્રેણીઓ સામેલ

- મધ્યમ આવક જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૬ -૧૨ લાખની વચ્ચે છે.
- મધ્યમ આવક જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૧૨ -૧૮ લાખની વચ્ચે છે.
- ઓછી આવક ધરાવતા જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૩ -૬ લાખની વચ્ચે છે.
- આર્થિક રીતે નબળો વર્ગ (ઈડબલ્યુએસ) જેની વાર્ષિક આવક રૂ. ૩ લાખ સુધીની છે.

જ્યારે એલઆઈજી અને એમઆઈજી ના લાભાર્થીઓ માત્ર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ક્રેડિટ લિંક સબસિડી યોજના માટે પાત્ર છે. ઈડબલ્યુએસ લાભાર્થીઓ સંપૂર્ણ સહાય માટે પાત્ર છે. અરજદારે યોજના હેઠળ એલઆઈજી અથવા ઈડબલ્યુએસ લાભાર્થી બનવા માટે આવકના પુરાવાના સમર્થનમાં એફિડેવિટ આપવું મહત્વપૂર્ણ છે.

### રેણધા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં ત્યારે

# છોટાઉદેપુર પોલીસે સુરતથી ચોરી કરેલ મોટર સાયકલ સાથે એક ઈસમને ઝડપી પાડયો




છોટાઉદેપુર

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સુરત શહેર વિસ્તારમાંથી ચોરાયેલ મોટર સાયકલ સાથે એક ઈસમને ઝડપી પાડી મો.સા. ચોરીનો ગુનો શોધી કાઢવામાં આવ્યો. સંદીપ સિંહ પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ તથા ધર્મેન્દ્ર શર્મા પોલીસ અધિક્ષક છોટાઉદેપુરે વાહન/ચોરી તથા મિલકત સંબંધી વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢી અસરકારક કામગીરી કરવા જીલ્લાના તમામ થાણા અધિકારી તથા તમામ શાખા ઈન્ચાર્જને સુચના કરેલ હતી

જે અન્વયે આર.એસ.ડામોર ઈન્ચા પોલીસ ઈન્સ્પેકટર લોકલ ક્રાઈમ બ્રાન્ચ છોટાઉદેપુરે એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસોને ખાનગી રાહે આવા આરોપીઓની બાતમી હકીકત મેળવવા સમજ આપી હતી જે અનુસંધાને એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેણધા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ નંબર વગરની સ્પ્લેન્ડર પ્લસ મો.સા. લઈને આવતા મો.સા.ચાલકને ઉભો રહેવાનો ઈશારો કરતા મો.સા. ચાલકે થોડે દુર જઈ મો.સા ઉભી રાખી હતી આ ઈસમ પાસેથી મો.સાના કાગળો તથા મો.સા ના માલિકી અંગે આધાર-પુરાવા માંગતા તેની પાસે કોઈ આધાર પુરાવો મળી આવેલ નહતા જેથી મો.સા.ના ચેચીસ તથા એન્જીન નંબર ઉપરથી ખાત્રી તપાસ કરતા મો.સા. સુરત શહેર વિસ્તારની હોવાનું જણાય આવેલ જેથી મો.સા. ના માલિકનો સંપર્ક કરતા તેઓની મો.સા. ચોરી થયેલ હોવાનું જણાવેલ હતુ જે સંબંધે કતારગામ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૭૦/૨૦૧૯ ઈ.પી.કો. ૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર કરાવેલાનું જણાય આવેલ હોય જેથી પકડાયેલ ઈસમ (૧) જયરામભાઈ બચુભાઈ તોમર રહે. ચિખોડા ઉચલા ફળિયુ તા.સોંઢવા જી.અલીરાજપુર(મધ્યપ્રદેશ) ને સી.આર. પી.સી.૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી અર્થે કવાંટ પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.

# છોટાઉદેપુર જિલ્લાનાં અગ્નીવીર ઉમેદવારોને ભરતીની ની:શુલ્ક તાલીમમાં ભાગ લેવા જોગ

છોટાઉદેપુર,તા.૧૩

આદિજાતિ વિભાગની સ્પોન્સરશીપ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સીટી ગાંધીનગર દ્વારા છોટાઉદેપુર જિલ્લાના આદિજાતિ ઉમેદવારો માટે લશ્કરની, અગ્નિવીરની ભરતી પૂર્વેની શારીરિક તેમજ લેખિત પરીક્ષાની તૈયારી કરવા માટે આદિજાતિ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સીટી ગાંધીનગર ખાતે ૭૫ દિવસની નિવાસી તાલીમ યોજાનાર છે આ નિ:શુલ્ક નિવાસી તાલીમમાં ધોરણ ૧૦ પાસ થયેલ અને ૧૬૨ સે.મી કે તેથી વધુ ઉંચાઈ ધરાવતા તેમજ તારીખ ૧-ફેબ્રુઆરી'૨૦૦૪ થી ૧-ફેબ્રુઆરી'૨૦૦૭ વચ્ચે જન્મેલા અપરણિત આદિજાતિ પુરુષ ઉમેદવારો જોડાઈ શકશે. તા. ૧૫/૦૭/૨૦૩ના રોજ સવારના ૯ વાગ્યે શ્રી એમ.સી.રાઠવા આર્ટસ કોલેજ પાવી જેતપુર ખાતે પ્રિસ્કુટીની અને લેખિત પરીક્ષા યોજાશે. પસંદગી પામનાર યુવાનોને રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૭૫ દિવસની રહેવા જમવા સાથેની મફત નિવાસી તાલીમ આપવામાં આવશે. ઊમેદવારે પોતાની સાથે ધોરણ ૧૦ પાસ કર્યાનો માર્કશીટ, મામલતદારનું આદીજાતીનું પ્રમાણપત્ર, આધારકાર, ૨ પાસપોર્ટ ફોટા જેવા પ્રમાણપત્રો (અસલ અને ઝેરોક્ષ) લાવવાના રહેશે. રોજગાર કચેરીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# છોટાઉદેપુરમાં ૯ સપ્ટેમ્બરના રોજ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નેશનલ લોક અદાલત યોજાશે

છોટાઉદેપુર,તા.૧૩

રાજ્ય કાનૂની સેવા સતા મંડળ, હાઈકોર્ટ અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, છોટાઉદેપુર દ્વારા તા. ૦૯/૦૯/૨૦૨૩ના રોજ છોટાઉદેપુર જિલ્લા મથકે તેમજ તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવનાર છે. સદર લોક-અદાલતમાં દાખલ થયેલા અને અદાલતોમાં કેસ દાખલ થાય તે પહેલા કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાં ફોજદારી સમાધાન લાયક, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮, બેન્ક લેણા, મોટર અકસ્માત વળતરને લગતા, લગ્ન વિષયક, મજૂર અદાલતના, જમીન સંપાદનને લગતા અને ઈલેક્ટ્રીસીટી અને પાણીના બીલો, રેવન્યુ તેમજ દિવાની પ્રકારના સમાધાન લાયક કેસો હાથ પર લેવામાં આવનાર છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, છોટાઉદેપુરના ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ ડી. પી. ગોહિલ દ્વારા પક્ષકારોને અનુરોધ કરવામાં આવેલ છે

Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)

CIN: L25200GJ1973PLC002436

**રજી. ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩.

ફોન નં. : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

E-mail : secshare@styrenix.com Website : www.styrenix.com

**૫૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ તથા ઈ-વોટિંગ માટેની માહિતી**

આથી નોટિસ આપવામાં આવે છે કે, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને ૧૦/૨૦૨૨ અનુક્રમે તા. મે ૦૫, ૨૦૨૦ અને ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ અને અન્ય લાગુ પરિપત્રો ("એમસીએ" પરિપત્રો) તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી કરાયેલ અન્ય લાગુ પરિપત્રોના વંચાણ સાથે, કંપનીની **૫૦મી વાર્ષિક સાધારણ સભા ("એજીએમ") ગુરૂવાર, ઓગસ્ટ ૧૦, ૨૦૨૩ ના રોજ બપોરે ૩.૦૦ વાગે** એજીએમ અંગે જાણ કરતી નોટિસમાં ઉલ્લેખ કરેલ વ્યવસાયો અંગે વિચારણા અને વ્યવહાર કરવા **વિડીયો કોન્ફરન્સિંગ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("ઓએવીએમ")** મારફતે યોજવામાં આવશે.

વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં ભાગ લઈ રહેલા સભ્યોની સંખ્યાને કંપની અધિનિયમ, ૨૦૧૩ના સેકશન ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણવામાં આવશે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના વાર્ષિક અહેવાલની સાથે સાથે ૫૦મી એજીએમની નોટિસ એ તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ મારફતે મોકલી દેવામાં આવેલ છે જેઓના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરીઓ પાસે નોંધાયેલા છે અને સંબધિત રવાનગી જુલાઈ ૧૩, ૨૦૨૩ ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે.

સભ્યોને જાણ થાય કે સદર નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.styrenix.com, સ્ટોક એક્સચેન્જીસ, એટલે કે બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ની વેબસાઈટ્સ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર તેમજ રિમોટ ઈ-વોટિંગનું, એજીએમ દરમિયાન ઈ-વોટિંગનું અને વીસીનું સંચાલન કરવા માટે નિયુક્ત કરાયેલ એજન્સી નેશનલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

કટ-ઑફ તારીખ **ઓગસ્ટ ૨, ૨૦૨૩** ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો એનએસડીએલની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ("રિમોટ ઈ-વોટિંગ") મારફતે, એજીએમની નોટિસમાં નિર્ધારિત વ્યવસાયો પર પોતાના મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટેની તક ધરાવશે.

તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે :

i. રિમોટ ઈ-વોટિંગ **૭ ઓગસ્ટ, ૨૦૨૩** ના રોજ ભારતીય સમય **સવારે ૯.૦૦ વાગે** શરૂ થશે ;

ii. રિમોટ ઈ-વોટિંગ **૯ ઓગસ્ટ, ૨૦૨૩** ના રોજ ભારતીય સમય **સાંજે ૫.૦૦ વાગે** પૂર્ણ થશે, જેના પછી એનએસડીએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ અક્ષમ બનાવવામાં આવશે અને રિમોટ ઈ-વોટિંગ સદર સમય બાદ કરવા દેવામાં આવશે નહીં;

iii. કોઈપણ વ્યક્તિ જે વાર્ષિક અહેવાલ મોકલી દીધા બાદ કંપનીના સભ્ય બને છે અને કટ-ઑફ તારીખે શેર ધરાવે છે, તે evoting@nsdl.co.in પર અનુરોધ મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

**ઈલેક્ટ્રોનિક માધ્યમો મારફતે મતદાન**

- ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં, ભૌતિક સ્વરૂપમાં અને સભ્યો કે જેઓએ પોતાના ઈમેલ એડ્રેસ નોંધાવેલ નથી તેમને રિમોટલી વોટિંગ (રિમોટ ઈ-વોટિંગ) કરવાની પધ્ધતિ, એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. સદર વિગતો કંપની, બીએસઈ, એનએસઈ અને એનએસડીએલની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ બનશે.
- ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ મારફતે ઈ-વોટિંગની સુવિધા એજીએમ દરમિયાન પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે. ફક્ત એ શેરધારકો, જેઓ વીસી / ઓએવીએમ સુવિધા મારફતે એજીએમમાં હાજર છે અને રિમોટ ઈ-વોટિંગ મારફતે ઠરાવ/વો પર પોતાનો મત આપ્યો નથી તથા જેઓને અન્યથા આવું કરવાથી અટકાવવામાં આવ્યા નથી, તેઓ એજીએમ દરમિયાન ઉપલબ્ધ ઈ-વોટિંગ સિસ્ટમ મારફતે મત આપવાને પાત્ર બનશે. જે સભ્યોએ પોતાનો મત રિમોટ ઈ-વોટિંગ મારફતે આપેલ છે તેઓ એજીએમ વખતે ફરીથી મત આપવાને હકદાર બનશે નહીં.
- સભ્યોને ઈ-વોટિંગ મારફતે મતદાન કરવા માટેના લૉગઈન ક્રેડેન્શિયલ્સ ઈમેલ મારફતે ઉપલબ્ધ બનાવવામાં આવશે. જે સભ્યોને ઈમેલ મળતો નથી અથવા જેમના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાયેલા નથી, તેઓ એજીએમની નોટિસ માટેની નોટ્સમાં આપેલી સૂચનાઓનું પાલન કરીને લૉગઈન ક્રેડેન્શિયલ્સ જનરેટ કરી શકે છે.
- સમાન લૉગઈન ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં હાજર રહેવા માટે પણ થઈ શકે છે.
- સભ્યોને ૫૦મી એજીએમની નોટિસમાં નિર્ધારિત તમામ નોટ્સ, અને ખાસ કરીને એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમની કામગીરી દરમિયાન ઈ-વોટિંગ મારફતે મત આપવાની રીત ધ્યાનપૂર્વક વાંચી જવાની વિનંતી કરવામાં આવે છે.
- કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ ખાતે ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને શેરધારકો માટેનું ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ જોઈ શકો છો અથવા નં.: ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨ - ૨૪૯૯ ૭૦૦૦ પર કોલ કરી શકો છો અથવા એનએસડીએલ અધિકારી સુશ્રી. પ્રાજક્તા પવલે ને evoting@nsdl.co.in પર અનુરોધ મોકલી શકો છો.

બોર્ડના આદેશ દ્વારા

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે**

સહી/-

તારીખ : ૧૩ જુલાઈ, ૨૦૨૩

સ્થળ : વડોદરા

**અભિજાત સિન્હા**

હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

G20 भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम्

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE



ગુજરાત સરકાર

૭૫ આઝાદી નો અમૃત મહોત્સવ

આર્થિક મુદ્દાઓની ચર્ચા અને નીતિઓના સમન્વય માટે વૈશ્વિક મંચ

G20-ભારત પ્રતિનિધિઓનું ગુજરાતમાં સ્વાગત છે

**ત્રીજી નાણાં અને કેન્દ્રીય બેંકોના ઉપપ્રમુખશ્રીઓની બેઠક**

14 થી 16 જુલાઇ, 2023 · મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી, ગાંધીનગર



-: મુખ્ય કાર્યક્રમો :-

- બહુપક્ષીય વિકાસ બેંકોને મજબૂત કરવા પર G20 નિષ્ણાત જૂથના અહેવાલના આધારે પ્રતિનિધિઓની ગોળમેજી બેઠક
- ગિફ્ટ સિટીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટર્સ ડાયલોગ
- ભવિષ્યના શહેરો માટે ભંડોળ અને ધિરાણનો ઢાંચો તથા બદલાતા અભિગમોના લાભ પર મંત્રી-સ્તરીય સેમિનાર
- કરચોરી, ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની હેરફેર વિરુદ્ધ પગલાં લેવા માટે મંત્રી-સ્તરીય ચર્ચા
- ઝડપી ચૂકવણી પદ્ધતિઓને પરસ્પર જોડવા માટે પ્રતિનિધિઓનો વર્કશોપ
- ઉભરતી અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ માટે વિકાસલક્ષી વાતાવરણને પ્રોત્સાહન અને રોકાણલક્ષી અભિગમ પર પ્રતિનિધિઓનો સેમિનાર

**અન્ય કાર્યક્રમ**

બિગટેક અને ફિનટેક સહિત થર્ડ-પાર્ટી રિસ્ક મેનેજમેન્ટ ફ્રેમવર્કના નીતિ વિષયક મુદ્દાઓ ઉપર ચર્ચા

**મુખ્ય આકર્ષણ**

મહાત્મા મંદિર ખાતે ટેકનોલૉજી, સ્ટાર્ટ-અપ્સ અને ઈનોવેશન્સનું પ્રદર્શન

પ્રતિનિધિ મંડળ દ્વારા પર્યટન સ્થળની મુલાકાત

**દાંડી કુટિર**
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન અને તેમની વિચારધારાને ઊજાગર કરતા સૉલ્ટ માઉન્ટ આકારના સંગ્રહાલયની મુલાકાત

**ગુજરાત એક્સપિરિયન્સ ઝોન**
છેલ્લા 7 દશકમાં ઔધોગિકીકરણ, ઉત્પાદન અને હરિત ઊર્જાના ક્ષેત્રમાં ગુજરાતની સિદ્ધિઓ વર્ણવતા સંશોધનનું આકર્ષક પ્રદર્શન

**ગાંધી યાત્રા**
મહાત્મા ગાંધીની પ્રેરણાદાયી જીવન કથા પર 180° પ્રોજેક્શન મેપિંગનો અદભૂત અનુભવ

**અમદાવાદ શહેર હેરિટેજ વૉક અને ઈન્સ્ટિટ્યૂશનલ ટુર**
અમદાવાદના ઉત્તમ કલા સ્થાપત્ય અને પ્રેરણાદાયી સંસ્કૃતિની વચ્ચે ભવ્યતાનો અનુભવ ધરાવતું અમદાવાદ હેરિટેજ વૉક

**મોઢેરા**
11મી સદીના સૂર્ય મંદિરની મુલાકાત સહિત મોઢેરા ગામને સૂર્ય ઊર્જા પૂરી પાડતા સુજાનપુરા પ્લાન્ટની મુલાકાત

**પાટણ**
ભવ્ય ઇતિહાસ, અદભૂત શિલ્પો અને મનમોહક સ્મારકો ઉપરાંત હસ્તકલા અને પટોળા સાડી માટે વિશ્વભરમાં જાણીતી ગુજરાતની પ્રાચીન રાજધાની એવા પાટણની મુલાકાત

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી**
ભારતના પ્રથમ ગૃહમંત્રી અને લોહપુરૂષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાત

g20gujarat · g20_gujarat